INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૮૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૪-૨-૨૦૨૪**

ગ્રાહકોની છેતરપીંડી અંગે, ન્યાય મળે અને તેમના હક્ક અધિકારો માટે ઉપસ્થિત પદાધિકારીઓને માર્ગદર્શન આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ગ્રાહક સુરક્ષા વિભાગના અધ્યક્ષશ્રી મહેન્દ્રભાઈ શાહ (સોલા) એ જણાવ્યું હતું કે, ગ્રાહકોને ગેરવ્યાજબી વેપારી રીત રસમો સામે રક્ષણ આપવા માટે માલ કે સેવાની ગુણવત્તા, જથ્થો, શુદ્ધતા, કિંમત અંગેની માહિતી મેળવવાનો અધિકાર છે. કોઈ પણ વેપારી ઉત્પાદક કે સેવા આપતી સંસ્થા તરફથી કોઈપણ નુકસાન થાય તો ગ્રાહક વળતર મેળવવાનો અધિકારી છે.જ્યાં શક્ય હોય ત્યાં સ્પર્ધાત્મક ભાવે માલ કે સેવાની પસંદગી કરવાનો અધિકાર પણ ગ્રાહકને આપવામાં આવ્યો છે. વેપારી કે અન્ય સેવા સંસ્થા દ્વારા કરવામાં આવેલ છેતરપિંડી, ગેરરીતિ, અસભ્ય વ્યવહાર સામે યોગ્ય સ્થળે જે તે અધિકારી સમક્ષ પોતાની ફરિયાદ રજૂ કરવાનો ગ્રાહકને અધિકાર છે.આજના ઔધોગિક વાતાવરણમાં વાહનો દ્વારા, કારખાના દ્વારા થતા હવાના પ્રદૂષણ, અધિકૃત રીતે છોડવામાં આવેલું રસાયણ, પાણી, માનવ આરોગ્ય સામે ખતરનાક બની શકે છે. પ્રદૂષણ મુક્ત વાતાવરણમાં રહેવાનો દરેક વ્યક્તિને અધિકાર છે. આપણા દેશની પ્રજામાં, એમાં ગુજરાતમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. રાજય સરકારે કન્યા શિક્ષણ મફત આપવાનો નિર્ધાર કર્યો છે. પરંતુ હકીકતમાં મ્યુનિસિપલ સ્કૂલ તથા પંચાયત શાળાઓમાં જ મફત કન્યા શિક્ષણ મળે છે. જયારે ખાનગી શાળાઓમાં આજે પણ શિક્ષણ ફી લેવામાં આવે છે તો તે હક્ક મેળવવાનો અધિકાર છે. મેડીકલ સેવામાં બેદરકારી તેમજ વીમા કંપનીઓ દ્વારા કલેઈમ ખોટી રીતે નામંજુર કરવા સામે.

શહેર અધ્યક્ષશ્રી મેહુલ પ્રજાપતિની ઉપસ્થિતીમાં મોટી સંખ્યામાં ગ્રાહક સુરક્ષા સેવાના પદાધિકારીઓ, વકીલો અને સામાન્ય નાગરિકોની યોજાયેલ બેઠકમાં ગ્રાહકોને પડતી મુશ્કેલી, વિવિધ રીતે થતી છેતરપીંડી, ખોટી ખાત્રી આપીને વસૂલાતી આડેધડ કિમંતો સહિતના મુદ્દાઓ અંગે વિસ્તૃત જાણકારી સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે ગ્રાહકોના હક્ક કોંગ્રેસ અધિકાર વિભાગની વિશેષ બેઠક બદલ ખુબ અભિનંદન આપ્યા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલભાઈ શાહ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, પ્રદેશ કોંગ્રેસ અગ્રણીશ્રી સી.એમ. રાજપુત, શ્રી ઉમાકાંત માંકડે ગ્રાહકોની જાગૃતિ અંગેના કાર્યક્રમો, ગ્રાહકોના હક્ક અધિકારો માટે કોંગ્રેસ પક્ષની સરકારે કરેલી નક્કર કામગીરી વિશે વિગતો ચર્ચીને ગ્રાહક સુરક્ષા સેલની કામગીરીને બિરદાવી હતી.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા

નોંધ: કાર્યક્રમના ફોટોગ્રાફ્સ આપશ્રીને ઈ-મેઈલ કરેલ છે.